July 06 Final.qxd 7/5/2007 12:41 PM Page 68





# નાનાં બાળકોની જાતીયતા અને આપણે...

**બાળકોની નિર્દોષ હરકતોમાંય ઘણી વાર જાતીયતાના અંશો જોવા મળે છે. ક્યારેક માતા, ક્યારેક પિતા, ક્યારેક પાડોશી તો ક્યારેક શિક્ષક બાળકની જાતીય હરકતોથી ચોંકી ઊઠે છે યા ચિંતિત થઈ જાય છે. આવી ક્ષણે બાળકો સાથે કામ પાર પાડતા માતાપિતાએ કેવો અભિગમ રાખવો, જણાવે છે મુકુલ ચોક્સી**

ધ સુરત મેડિકલ એસોસીએશને બાળકોના જાતીય શિક્ષણ અંગે એક સેમિનારનું આયોજન કર્યું હતું. જો બાળકોની જાતીય હરકતો અને તેમાંથી સર્જાતી સમસ્યાઓની યાદી બનાવીએ તો કંઈક આવી યાદી બને. આ એ પ્રશ્નો છે જે ચિંતાગ્રસ્ત વાલીઓને વારંવાર સતાવતા હોયછે.

(૧) નાનું બાળક પોતાનાં ગુપ્તાંગો સાથે રમત યા અડપલાં કરે છે. તો શું કરવું ?ક્યારેક એમ પૂછે કે, 'પપ્પા, આ શું છે ?' તો એને કઈ રીતે, કયા શબ્દોમાં સાચી માહિતી આપવી ? કેટલી માહિતી આપવી ? કે પછી કશી માહિતી ન આપવી?



(૨) ઘણી વાર બે કે વધારે બાળકો (બાબા અથવા બેબીઓ) સાથે મળીને એક બીજાનાં ગુપ્તાંગો તપાસે છે, ઝીણવટથી જુએ છે, યા તેની સાથે મજાક-મસ્તી કરીને તેનો આનંદ લૂટે છે. તેમની આ રમતોને રોકવી જોઈએ ? કઈ રીતે રોકવી ? ન રોકાય તો શું કરવું ? કેટલું બળ-દબાણ અજમાવવું ?

(૩) મારી પુત્રી ત્રણ જ વર્ષની છે, પણ હું કપડાં ચેઈન્જ કરતી હોઉં તો ખૂબ રસ તથા ધ્યાનથી મારી સામે જોયા કરે છે. વળી ટી.વી.માં આવતાં અર્ધનગ્ન દૃશ્યોને ખૂબ જ રસપૂર્વક નિહાળે છે, તો તેને કઈ રીતે રોકવી ?

(૪) મારો પુત્ર પંદર વર્ષનો છે, પણ આજ સુધી તેણે કોઈ સેક્સવિષયક હરકત કરી નથી. તે એટલો ઓછાબોલો છે કે તેને સેક્સ અંગે જ્ઞાન કે સમજણ આપવાં હોય તો કઈ રીતે આપવાં ?

(૫) અશ્લીલ સાહિત્ય વાંચતાં તરુણ-તરુણીઓને કઈ રીતે તેમ કરતાં રોકવા યા આ પ્રવૃત્તિ નથી કરતાં તેમ કહે અને ખાનગીમાં કરતાં રહે તો તે શી રીતે રોકી શકાય ?

(૬) ઘણાં બાળકો ગર્ભાવસ્થા, ગર્ભનિરોધક ગોળીઓ, એઈડ્સ, બળાત્કાર, નિરોધ, સમાગમ કરતાં પશુઓ, સુહાગરાત, સ્તનપાન વગેરે વિષય ઉપર પૃચ્છા કરે છે. કેટલાક તરુણો અડધીપડધી સમજણ સહિત કૉમેન્ટ્સ કરે છે. કેટલાંક બાળકો આવા પ્રશ્નો એકદમ નિર્ભય રીતે અન્યોની હાજરીમાં પૂછી પાડે છે, આવા વખતે બાળકોને શો પ્રત્યુત્તર આપવો ? કઈ ભાષામાં સમજાવવું ?

July 06 Final.qxd 7/5/2007 12:41 PM Page 69



(૭) બાળકોની હાજરીમાં માબાપે કેટલી શારીરિક છૂટછાટ લેવી ? ઘણી વાર સેક્સ માણતાં સ્ત્રી-પુરુષોની બાજુમાં જ નાનાં બાળકો સૂતાં હોય છે. તેઓ અચાનક જાગી જાય અને માતાપિતાને કામક્રીડા કરતા જોઈ જાય તો? તેઓ જાગી જાય એવી દહેશત હોય તો માબાપે બાળકો સૂતાં હોય એ ઓરડામાં જાતીય પ્રવૃત્તિઓ કરવાથી દૂર રહેવું ? કે પછી તેઓની ચિંતા છોડી દેવી ? ક્યારેક બાળક સૂવાનો ઢોંગ કરીને માબાપની રતિક્રીડા નિહાળતા હોવાનુંય નોંધાયું છે. તો આ વખતે શું કરવું ?

(૮) કેટલાંક સ્ત્રી-પુરુષોને વલ્ગર જોક્સ, એક્સ રેટેડ ટુચકાઓ, ઓન્લી ફોર એડલ્ટસ હોય એવી વાતો વગેરે કરવાની ટેવ હોય છે. ખાસ કરીને મિત્ર વર્તુળમાં બે-ચાર કપલ ભેગાં મળે ત્યારે તેઓ આ પ્રકારની વાતચીત હળવા મૂડમાં કરે છે. આ વખતે તેઓનાં બાળકો ત્યાં હાજર હોય તો શું કરવું ? ઘણી વાર બાળકો પણ સમજ્યા વગર આવી જોક્સ કરે છે, તો તેનો શો ઈલાજ ?

(૯) બાળકો ફિલ્મના દ્વિઅર્થી ગીતો યા સંવાદોના અર્થ પૂછે, તો શી રીતે સમજાવવાં ? તેઓ પ્રચલિત ગાળના અર્થ પૂછે તો શું કહેવુ ? ગાળ કેમ ન બોલવી એમ પૂછે તો શું કારણ આપવું ?

(૧૦) ઘણાં બાળકો તેમના વિજાતીય પેરન્ટને વારંવાર બાઝી પડે, તેમની સાથે જ રમવાની અને તેમની સાથે જ સૂવાની જીદ પકડે છે. તો આ કેટલી હદ સુધી ચલાવી લેવું ? ઘણી વાર આવાં બાબા-બેબીઓ તરુણ વયે પહોંચી જાય ત્યાં સુધી ઉપરોક્ત વર્તન કરતાં રહે છે. જેને લીધે તેમણે પોતે અને તેમનાં માબાપે પણ શરમ, સંકોચનો ભોગ બનવું પડે છે. તો આવી હરકતોને કઈ રીતે અટકાવવી ? કે પછી આગળ વધવા દેવી ?

આ અને આવી બાળકોની જાતીયતાને અસર કરતી બાબતો અંગેના અનેક પ્રશ્નો લોકોના મનમાં ઉદ્ભવતા હોય છે. જે અંગેની કેટલીક સામાન્ય સમજ કંઈક આ દિશામાં કેળવાવી જોઈએ.

બાળકો મૂળભૂત રીતે જિજ્ઞાસા, કુતૂહલ ધરાવતાં હોય છે, તેઓને જીવનની તમામ બાબતોમાં કુતૂહલ યા ક્યુરિયોસિટી જાગે છે. સેક્સ એ અપવાદ નથી. ઊલટું જે બાબત વધારે ઢંકાયેલી હશે તેમાં તેઓને વધારે જિજ્ઞાસા જાગશે. આથી તેઓની જિજ્ઞાસાને નોર્મલ ગણીને આપણે સ્વીકારવી જોઈએ. હા બધી જ જિજ્ઞાસા તત્કાળ સંતોષવી શક્ય નથી. જો ચાર વર્ષની બેબી અન્યનું શરીર જોવાની વૃત્તિ દાખવે કે નવ વર્ષનો કિશોર જાતીય કર્મ જોવાની જિજ્ઞાસા દાખવે તો તે કદાચ આપણે પરિપૂર્ણ ન કરી શકીએ, પણ તેમ છતાં તેઓની આ જિજ્ઞાસા અંગે તેમની ઉંમરના પ્રમાણભાન જાળવીને સ્વસ્થ ચર્ચા જરૂર શક્ય બની શકે.

બાળકો જ્યારે વાલીઓને જાતીય અવયવો અથવા તો સેક્સને લગતો કોઈ સીધો પ્રશ્ન પૂછી નાખે તો વાલીઓ અપસેટ થઈ જતાં જોવા મળે છે. તેમનું પહેલું રિએક્શન 'પેનિક'નું હોય છે કેમકે બાળકો અન્યોની હાજરીમાંય આવા પ્રશ્નો પૂછી મારે છે. અમુક માબાપ કેવળ અકળાઈ જાય છે. તો કેટલાક ચીડાઈ જાય છે અને કેટલાંક રીતસર ગુસ્સાથી ઉકળી ઊઠે છે. વડીલો અંદરથી પોતાના મનમાં ગમે તે લાગણી અનુભવતા હોય, તેઓએ ગુસ્સો, ઘૃણા, રોષ કે અકળામણ જેવા ભાવો શિશુ સમક્ષ પ્રગટ ન કરવાં જોઈએ. કેમકે બાળક ઘણી વાર માહિતીને બદલે વડીલોના પ્રગટ થતા ભાવો ગ્રહણ કરીને શીખતો હોય છે. આથી માબાપ જો બાળકોના સેક્સવિષયક પ્રશ્ન પરત્વે અકળામણ કે ચીડ વ્યક્ત કરે તો બાળકના મનમાં તે તિરસ્કાર યા જુગુપ્સાપ્રેરક ચીજ છે એવું જ ઠસવા માંડશે. જે લાંબે ગાળે તેના જીવન માટે મુશ્કેલીરૂપ નીવડશે.

ક્યારેક એવું બને છે કે, બાળક કેવળ પ્રશ્ન પૂછવા ખાતર જ પ્રશ્ન પૂછે છે. તેઓને માહિતી મેળવવાની એવી કોઈ જ અનિવાર્યતા નથી હોતી. આથી માબાપ પૂરતી માહિતી સંકોચને કારણે ન આપી શકે તો વાંધો નહીં, પણ તેઓ કેવળ સ્વસ્થ રહીને બાળકને સાંભળે એય પૂરતું છે. સેક્સવિષયક પ્રશ્નો પણ અન્ય સામાન્ય પ્રશ્નોની જેમ માબાપને પૂછી શકાય છે, એવું બાળકોને કન્વે થવું જરૂરી છે. આપણે સ્વસ્થ રહીને બાળકોને જાતીય પ્રશ્નો પૂછવાની છૂટ આપીશું તેનાથી તેઓ ભવિષ્યમાં વધારે છૂટછાટવાળા, પરમિસિવ કે સેક્સ મેનિઆક નથી થઈ જવાના. આથી ઊલટું સ્વસ્થ વાતાવરણમાં સાહજિક રીતે સેક્સ ચર્ચાય તો જાતીયતા વધારે પરિપક્વ બનવાની શક્યતા વધે છે.

સેક્સને કેવળ સૂગાળવો અને 'ખરાબ' ગણવાથી કેટલીય છોકરીઓને લગ્ન બાદ જાતીય સમસ્યાઓ ઉદ્ભવી હોવાનું જણાયું છે. માબાપ જો સેક્સ પ્રત્યે મોકળું અને તંદુરસ્ત વલણ ન અપનાવે તો

July 06 Final.qxd 7/5/2007 12:41 PM Page 70



પોતાની જાતીયતા પ્રત્યે શંકા, વહેમ, લઘુતા કે ગિલ્ટ અનુભવીને છેવટે જાતીય રીતે નિર્બળ થઈ જતા છોકરાઓના કિસ્સાઓય મોજૂદ છે.

કમનસીબે આપણા સેક્સ્યુઅલ ઍક્ટ માટેના મુખ્ય અવયવો પોતે જ મળ-મૂત્ર ઉત્સર્જન માટેના અવયવો છે અથવા તો તેની નજીકમાં જ આવેલા છે. ઉત્સર્જનની ક્રિયા ન ગમે અથવા તો જુગુપ્સા પ્રેરે એવી હોવાથી એની સાથોસાથ એ જ અથવા તો આસપાસના અવયવો વડે થતી સેક્સની ક્રિયાને પણ આપણે એ જ જુગુપ્સાના ભાવો વડે જાણ્યે - અજાણ્યે સાંકળી લઈએ છીએ, જે ઠીક નથી. જાતીય કર્મ એ આનંદ માટે નિર્માયેલું કર્મ છે. તેનો આ સંદર્ભ વિસરાવો ન જોઈએ.

આપણને અબુધ બાળક સાથે સેક્સની ચર્ચા કરતાં સંકોચ થાય એ સ્વાભાવિક છે, પણ તેને નિવારવાના રસ્તાય હોય છે. ઘણી વાર કેવળ 'ડાયવર્ઝન' જ પૂરતું હોય છે. અકળાવનારો સેક્સવિષયક પ્રશ્ન પૂછનાર બાળકનું ધ્યાન જો હળવેકથી બીજે દોરવામાં આવે તો બાળક પોતાનો પ્રશ્ન તરત જ ભૂલીય જાય છે, પણ બાળકનું ધ્યાન બીજે દોરવાને બદલે તેના પ્રશ્નનો ઉત્તર આપવાનું વધારે સલાહભર્યું છે.

જો તમે 'મેટર ઑફ ફેક્ટ' રીતે સીધેસીધું બાળકને સાચું જણાવી દો તો તેમાંય ખાસ ખોટું નથી. શરમ તો આપણા મનમાં હોય છે. બાળકના મનમાં તો કેવળ નિર્દોષ જિજ્ઞાસા જ હોય છે. ઉદાહરણ તરીકે જો કોઈ બોલકું બાળક તેના પપ્પાને એમ પૂછી બેસે કે, ''પપ્પા, તમને અને મમ્મીને પણ મારા જેવું 'સૂસૂ' છે ?'' તો તે વખતે આપણી ખરી કસોટી થઈ જાય છે. આ વખતે આપણે ધમકી કે ડાયવર્ઝનનો આશરો લેવાને બદલે સાદી સરળ ભાષામાં બાળકને સ્ત્રી-પુરુષની શરીર રચનાના તફાવત-ભેદની માહિતી આપી દઈએ તો કશું ખોટું નથી. જેમ કે ''બેટા, તું અને હું પુરુષ છીએ. આથી આપણું શરીર સરખું જ હોય, જ્યારે મમ્મી અને દીદી સ્ત્રી છે. આથી તેમના શરીર આપણા કરતાં જુદાં હોય.'' શક્ય છે કે, આ સાંભળીને બાળક આગળ પ્રશ્ન કરે છે કે, ''મમ્મી-દીદીનાં 'સૂ સૂ' કેવાં હોય પપ્પા ?'' આ વખતે સ્ત્રીની શરીરરચનાનું વિસ્તૃત વર્ણન કરવું જરૂરી નથી હોતું. બાળકને કેવળ એટલું કહીએ કે, ''બેટા, તું થોડો મોટો થશે તો તને આપમેળે આ જાણવા મળશે'' તોય તે પૂરતું હોય છે.

મેં એવું નોંધ્યું છે કે, જે લોકો પોતે પોતાની જાતીયતા યા સેક્સ્યુઆલિટીથી સંતુષ્ટ હોય અને જેમનો પોતાની ખુદની જાતીયતા પ્રત્યેનો અભિગમ સ્વસ્થ, પારદર્શક, નિખાલસ, સંઘર્ષહીન તથા પરિપક્વ હોય છે, તેઓ બાળકોના ગમે તેવા પ્રશ્નો કે વર્તનને સ્વસ્થતાથી મૂલવી - સમજી - સ્વીકારી અને ઉકેલી શકે છે. આપણી પોતાની સેક્સ્યુઆલિટી જ જો આંતર વિરોધોથી ભરેલી હશે તો આપણે બાળકની જાતીય ગૂંચવાણોવાળી હરકતોને પામી કે સૂલઝાવી નહીં શકીએ.

બાળકોના જાતીય જ્ઞાનવિષયક સવાલોના જવાબો વડીલોએ આપવા જોઈએ, એવા અર્થવાળાં વિધાનો સેક્સ ચિંતકો તરફથી સાંભળ્યા બાદ એક પુરુષે ખોટું તારણ કાઢ્યું હતું. તેની પત્ની ફરિયાદ કરતી હતી કે, મારા પતિ સેક્સ કરતી વખતે બહુ કેરલેસ રહે છે. તેઓ ભૂલી જાય છે કે, રૂમમાં નાનાં બાળકો પણ સૂતેલાં છે. જ્યારે પતિદેવને પૂછવામાં આવ્યું કે, આપ બાળકો અંગે કાળજી નથી રાખતાં ? ત્યારે તેમણે જણાવ્યું, ''તેઓ તો ઊંઘતા જ હોય છે અને ધારો કે કો'કવાર જોઈ ગયાં હોય તોપણ શું ? શું તેઓ ભવિષ્યમાં મોટા નથી થવાનાં ?'' આ વાત વિવાદાસ્પદ છે. બાળકો સાથે જાતીય બાબતો ચર્ચવી અલગ વાત છે અને તેમની સમક્ષ જાતીય પ્રક્રિયાનું નિદર્શન કરવું અલગ બાબત છે. ચર્ચા કરી શકાય, નિદર્શન નહીં. કેમકે બાળકો સાથેની ચર્ચામાં કંઈ કામ-સમાગમની પ્રક્રિયાની રનિંગ કૉમેન્ટ્રી નથી હોતી. જાતીય સમાગમનું સીધું નિદર્શન બાળકના મન પર ગહેરી અસર પાડી શકે છે. આથી તેમ ન થવા દેવું હિતાવહ છે.

આની સામે એક વાત એ પણ છે કે, ઉપરોક્ત ભયથી ડરીને પતિ-પત્નીએ બાળકોની હાજરીમાં વચ્ચે દસ ફૂટનું અંતર રાખીને જ જીવવુંય જરૂરી નથી. પતિ-પત્ની જીવનનો સાહજિક પ્રેમ, ઉષ્મા, લાગણી, સ્પર્શ, નિકટતા વગેરે આંશિક રીતે બાળકોની હાજરીમાં માણી શકે છે. કેમકે એ તેઓના સહિયારા (બાળકો સહિતના) કૌટુંબિક-દામ્પત્ય જીવનનો એક ભાગ જ હોય છે.